પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૭ | ૨૮ જાન્યુઆરી, ૨૦૧૮, રવિવાર ; મહા સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# પ્રજાસત્તાક પર્વની આન-બાન-શાનથી ઉજવણી

**રાષ્ટ્રીય તાકાતનું પ્રદર્શન : ઉજવણી વેળા જુદી જુદી ઝાંકીઓ મુખ્ય આકર્ષણ : રાજપથ ખાતે ભવ્ય પરેડથી ભારે ઉત્સાહ : રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાવ્યો**








નવી દિલ્હી, તા.૨૭

દેશભરમાં ગઈકાલે ૬૯માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે ઐતિહાસિક દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસના પ્રસંગે રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દે તિરંગો ધ્વજ લહેરાયો હતો અને સલામી આપી હતી. આ ગાળા દરમિયાન રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પાટનગર દિલ્હીના ઐતિહાસિક રાજપથ ઉપર પરેડ દરમિયાન ભારતીય સેનાએ પોતાની તાકાતનું પ્રદર્શન કર્યું હતું. ભારતના રાષ્ટ્રપતિએ તિરંગો ધ્વજ લહેરાયો હતો અને પરેડની સલામી લીધી હતી. રાજપથ તિરંગાના રંગમાં રંગાઈ જતાં લોકોએ ગર્વ અનુભવ કર્યો હતો. બીજી બાજુ સૈન્ય પરેડ અને સાંસ્કૃતિક વિવિધતાની તાકાતને જોવા માટે ૧૦ આસિયાન દેશના વડા ઉપસ્થિત રહ્યા હતા. આ તમામ નેતાઓ પણ રોમાંચિત થઈ ગયા હતા. પાટનગર દિલ્હીમાં રાજપથ ખાતે ત્રણે સેના, અર્ધલશ્કરીદળો, પોલીસ દળ, બાળકોની પરેડ શાનદાર રહી હતી. ભારતીય સૈનાએ પોતાની તાકાતનો

● અનુસંધાન પાન-૭ પર

## તમામ આસિયાન નેતા ખુબ જ મંત્રમુગ્ધ....

૧૦ આસિયાન દેશના વડાઓ પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન ભારતના ઐતિહાસિક ગૌરવને જોઈને રોમાંચિત થઈ ગયા હતા. ભારતની સાંસ્કૃતિક વિવિધતા, રાષ્ટ્રીય એકતા, આધુનિક સિદ્ધિઓ અને લશ્કરી તાકાતને જોઈને પ્રજાસત્તાક દિવસના પ્રસંગે મુખ્ય મહેમાન બનેલા આસિયાન દેશના વડાઓ મંત્રમુગ્ધ નજરે પડ્યા હતા. તેમનુ ભવ્ય સ્વાગત અગાઉ કરવામાં આવ્યું હતું. પોતાની કારમાંથી ઉતર્યા બાદ હાથ મિલાવીને ઉપસ્થિત લોકોનું બધા નેતાઓએ અભિવાદન કર્યું હતું અને મંચ તરફ આગળ વધ્યા હતા. તેઓ રાષ્ટ્રપતિ રામનાથ કોવિન્દ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે મંચ પર નજરે પડ્યા હતા. તમામ કાર્યક્રમને તેમને ઉત્સુકતાપૂર્વક નિહાળ્યા હતા.

## રાહુલ ગાંધીને પાછળની હરોળમાં બેસાડાતા વિવાદ

**પ્રજાસત્તાક દિવસના પરેડ સમારોહમાં પણ રાજકારણ : ભાજપ હલકી કક્ષાનું રાજકારણ રમી રહી છે : કોંગ્રેસ, અમને પણ કોંગ્રેસે વીઆઇપી સીટ નહોતી આપી : ભાજપ**



નવીદિલ્હી,તા. ૨૭

તા. ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિવસની ઉજવણીના નવી દિલ્હી ખાતેના પરેડ સમારોહમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને પાછલી હરોળમાં બેસાડાતાં એક નવો જ વિવાદ સર્જાયો છે. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની આટલી હદની ઉપેક્ષાથી એકબાજુ કોંગ્રેસ ખફા છે અને ભાજપ પર આ વાતને લઈ ગંભીર આક્ષેપો લગાવ્યા છે તો, બીજીબાજુ, ભાજપે પણ બચાવ કરતાં જણાવ્યું છે કે, કોંગ્રેસના વખતમાં અમને પણ વીઆઈપી સીટ અપાતી ન હતી. પરંતુ હવે પ્રજાસત્તાક દિનની ઉજવણીના પરેડ સમારોહમાં પણ પક્ષીય રાજકારણ સામે આવ્યું છે, જેને લઈ દેશભરમાં ચર્ચા ચાલી રહી છે. ગણતંત્ર દિવસના પરેડ સમારોહમાં આ વખતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની કરતાં પણ પાછળ છેક છઠ્ઠી લાઈનમાં રાજયસભામાં વિપક્ષના નેતા ગુલામનબી આઝાદ સાથે બેસાડવામાં આવ્યા હતા. ભાજપના આ પ્રકારના વ્યવહારથી કોંગ્રેસ ભારે નારાજ થઈ હતી. કોંગ્રેસે ભાજપના આવા નિમ્ન રાજકારણનો ભારે વિરોધ કરતાં જણાવ્યું હતું કે, હવે ભાજપ પરંપરાઓને તોડીને હલકી કક્ષાનું રાજકારણ રમી રહી છે. તો ભાજપના પ્રવકતા અનિલ બલૂનીને કોંગ્રેસને જવાબ આપતાં જણાવ્યું

● અનુસંધાન પાન-૭ પર


# પંચગંગા નદીમાં બસ ખાબકતા ૧૩ના મોત

**ડ્રાઇવરે નિયંત્રણ ગુમાવતાં બસ નદીમાં ખાબકી : મૃતકોમાં મહિલાઓ-બાળકોનો સમાવેશ**

કોલ્હાપુર,તા. ૨૭

મહારાષ્ટ્રના કોલ્હાપુરની નજીક એક બસ પંચગંગા નદીમાં પડી જવાના કારણે ૧૩ મુસાફરોના કરૂણ મોત નીપજયા હતા, જયારે ત્રણથી વધુ લોકોને ગંભીર ઈજા પહોંચી છે. મૃત્યુ પામનાર લોકોમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે. આ બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને અરેરાટીની લાગણી ફેલાઈ ગઈ હતી. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે કોલ્હાપુર પાસે પંચગગા નદી પર બનેલા શિવાજી બ્રીજ પર આ ઘટના બની હતી. પૂરપાટઝડપે જઈ રહેલી બસ નિયંત્રણ બહાર જતી રહેતાં અચાનક જ ડિવાઈડર તોડીને પંચગંગા નદીમાં ખાબકી હતી. બસ નદીમાં જ ખાબકતાં મુસાફરોની ચીસાચીસ અને કરૂણ આક્રંદ શરૂ થઈ ગયા હતા. સૌકોઈ બચાવો બચાવોની બૂમો પાડવા માંડયા હતા. બીજીબાજુ, બસ નદીમાં ખાબકતા જોઈ ગયેલા કેટલાક લોકોએ બનાવની જાણ પોલીસને તાત્કાલિક કરી હતી અને નદીમાં પડેલા મુસાફરોને બચાવવાના યેનકેન પ્રયાસો આદર્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### કોંગ્રેસે ઉમેદવારો જાહેર કર્યા

મેઘાલય અને ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી માટે કોંગ્રેસે ઉમેદવારોની જાહેરાત કરી છે. મેઘાલય માટે ૫૭ અને ત્રિપુરા માટે ૫૪ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે.

### પદ્માવતને પ્રચંડ પ્રતિસાદ

વિરોધ છતાં પદ્માવતને ખુબ જ પ્રચંડ પ્રતિસાદ મળી રહ્યો છે. જ્યાં જ્યાં ફિલ્મ પ્રદર્શિત થઈ છે ત્યાં ત્યાં પ્રેક્ષકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. બીજા દિવસે ફિલ્મે ૫૬ કરોડની કમાઈ કરી હતી.

### જયપુર લીટરેચર ફેસ્ટીવલમાં પ્રસૂન ભાગ નહી લે

ફિલ્મ પદ્માવતના વિરોધ વચ્ચે સેન્સર બોર્ડના અધ્યક્ષ પ્રસૂન જોશી જયપુર લીટરેચર ફેસ્ટીવલમાં ભાગ નહી લે. તેઓ કોઈ વિવાદ ઈચ્છતા ન હોઈ જયપુર નહી જાય.

# આઈપીએલ-૧૧ હરાજીમાં સ્ટોકસ રૂપિયા ૧૨.૫ કરોડમાં ખરીદાયો

**કેએલ રાહુલ અને મનિષ પાંડે ૧૧-૧૧ કરોડમાં ખરીદાયા : ૫૭૮ ખેલાડીઓમાં ૩૬૦ ભારતીય, ૨૧૮ વિદેશી ખેલાડી : ક્રિસ ગેઇલનો કોઈ ખરીદદાર ન મળ્યો : કૃણાલ પંડ્યા ૮.૨૦ કરોડમાં ખરીદવામાં આવ્યો**

બેંગ્લુરુ,તા. ૨૭

ઈન્ડિયન પ્રીમીયર લીગની ૧૧મી સીઝન માટે આજથી બેંગ્લુરુમાં પ્લેયર્સની હરાજી શરૂ થઈ હતી. આવતીકાલે રવિવાર સુધી ચાલનારી આ હરાજીમાં આઠ ટીમોની ફ્રેન્ચાઈઝી ઓનર્સ દ્વારા ૧૮૨ પ્લેયર્સ માટે બોલી લગાવવાનું શરૂ કરાયું છે. બેન સ્ટોકસને રાજસ્થાન રોયલ્સે રૂ.૧૨.૫ કરોડમાં ખરીદયો હતો. જયારે સૌથી મોંઘા ભારતીય ખેલાડીઓમાં કેએલ રાહુલ અને મનિષ પાંડે રહ્યા હતા. કિંગ્સ ઈલેવન પંજાબે આ બંને ખેલાડીઓને ૧૧-૧૧ કરોડમાં ખરીદ્યા હતા. તે પછીના ક્રમે ભારતીય ક્રિકેટર કૃણાલ પંડ્યાને ૮.૨૦ કરોડમાં મુંબઈ ઈન્ડિયન્સે ખરીદ્યો હતો. ૫૭૮ ખેલાડીઓમાં ૩૬૦ ભારતીય અને અન્ય ૨૧૮ વિદેશી પ્લેયર છે. તા.૨૮મી જાન્યુઆરી સુધીમાં તમામ ટીમોના નવા ખેલાડીઓની તસવીર સ્પષ્ટ થઈ જશે. જેમાં અમુક ખેલાડીઓને તો જેકપોટ લાગશે અને તેઓ કરોડપતિ બનશે. હરાજી માટે આ વખતે સૌથી વધારે રૂ.બે કરોડની બેઝ પ્રાઈઝ રાખવામાં આવી છે, તે સ્લેબમાં ૩૬ ખેલાડીઓ સામેલ છે. આ સિવાય ૧.૫ કરોડ, ૧ કરોડ, ૭૫ લાખ, અને ૫૦ લાખની બેઝ પ્રાઈઝ રાખવામાં આવી છે. અનકેપ્ડ ખેલાડીઓ માટે રૂ.૪૦ લાખ, રૂ.૩૦ લાખ અને રૂ.૨૦લાખની બેઝ પ્રાઈઝ રાખવામાં આવી છે. ફાઈનલ લીસ્ટમાં સામેલ ૫૭૮ ખેલાડીઓમાંથી ૩૬ની બેઝ પ્રાઈઝ રૂ.૨ કરોડ રાખવામાં આવી છે, જયારે ૩૩ લોકોની બેઝ પ્રાઈઝ રૂ.દોઢ કરો રખાઈ છે.



### કયા ખેલાડીઓ રિટેન

- એમએસ ધોની (ચેન્નાઈ સુપરકિંગ્સ)
- સુરેશ રૈના (ચેન્નાઈ સુપર કિંગ્સ)
- રવિન્દ્ર જાડેજા (ચેન્નાઈ સુપર કિંગ્સ)
- ઋષભ પંત (દિલ્હી ડેરડેવિલ્સ)
- ક્રિસ મોરિશ (દિલ્હી ડેરડેવિલ્સ)
- શ્રેયસ અય્યર(દિલ્હી ડેરડેવિલ્સ)
- રોહિત શર્મા (મુંબઇ ઇન્ડિયન્સ)
- હાર્દિક પંડ્યા, બુમરાહ (મુંબઇ ઇન્ડિયન્સ)
- વિરાટ કોહલી, ડીવિલિયર્સ, સરફરાઝ (આરસીબી)
- નારીન, રસેલ (કોલકાતા નાઇટ રાઇડર્સ)
- વોર્નર, ભુવનેશ્વર (સનરાઝઈ હૈદરાબાદ)
- અક્ષર પટેલ (કિંગ્સ ઇલેવન પંજાબ)
- સ્ટિવ સ્મિથ (રાજસ્થાન રોયલ્સ)

# હાઈવે પર અકસ્માત થાય તો રાષ્ટ્રીય ટોલ ફ્રી સેવા ઉપલબ્ધ

**ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર શકય બનશે : આગામી સપ્તાહમાં નેશનલ હાઇવેઝ ઓથોરીટી ઓફ ઇન્ડિયા રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર ૧૦33 લોંચ કરશે**

નવીદિલ્હી,તા. ૨૭

દેશમાં માર્ગ અકસ્માતના મામલામાં ભારતનો ક્રમાંક વિશ્વમાં આગલી હરોળમાં આવે છે, જેને લઈને દેશમાં છેલ્લા ઘણા સમયથી માર્ગ અકસ્માત નિવારણ તેમ જ આવા અકસ્માતોના ભોગ બનતા લોકોને તાત્કાલિક સારવાર મળી રહે અને ઈજાગ્રસ્તોના જીવ બચાવી શકાય તે માટે કેન્દ્ર સરકાર અને નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સત્તાવાળાઓ સતત પ્રયત્નશીલ છે અને આ માટે અનેક પગલા લેવાની કવાયત હાથ ધરી રહ્યા છે, તેના ભાગરૂપે જ કેન્દ્રીય વાહનવ્યવહાર વિભાગ દ્વારા હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર રોડ અકસ્માતની ઘટનાઓ અંગેની સૂચના અને જાણકારી, તેના સંચાલન અને ફરિયાદ સંદર્ભે એક રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર લોન્ચ કરવાની તૈયારીમાં છે. સંભવતઃ ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા આ રાષ્ટ્રીય ટોલ ફ્રી નંબર ૧૦૩૩ કરવામાં આવશે.

નેશનલ હાઈવેઝ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ચેરમેન દિપક કુમારે જણાવ્યું હતું કે, રોડ અકસ્માતોની ઘટના અંગેની જાણકારી અને સૂચના અંગેની ટોલ ફ્રી સેવાની યોજના માટેના જરૂરી તમામ ટેકનીકલ અને વ્યવસ્થાકીય પાસાઓની કામગીરી અમે પૂર્ણ કરી દીધી છે. આ નંબર શરૂ કરવા પાછળનો ઉમદા આશય દેશના કોઈપણ નેશનલ

● અનુસંધાન પાન-૭ પર






# કાબુલમાં એમ્બ્યુલન્સમાં બોંબ વિસ્ફોટ : ૪૦થી વધુના મોત

**સ્થાનિક પોલીસ ચેકપોસ્ટ પાસેથી એમ્બ્યુલન્સ પસાર થતી હતી ત્યારે વિસ્ફોટ આંતકવાદી હુમલાની જવાબદારી લેતું તાલિબાન છ ૧૫૦થી વધુ ઇજાગ્રસ્ત**

કાબુલ,તા. ૨૭

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આજે થયેલા એક પ્રચંડ એમ્બ્યુલન્સ બોંબ વિસ્ફોટમાં ૪૦થી વધુ લોકોના મોત નીપજયા હતા, જયારે દોઢસોથી વધુ લોકોને ઈજા થઈ હતી. કાબુલમાં વધુ એક બોંબ વિસ્ફોટને પગલે સમગ્ર રાજધાનીમાં જબરદસ્ત ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક પોલીસ ચેકપોસ્ટ પાસેથી એક એમ્બ્યુલન્સ પસાર થઈ હતી ત્યારે આ ભયંકર બોંબ વિસ્ફોટ થયો હતો, જેને પગલે સમગ્ર વિસ્તાર ધણધણી ઉઠયો હતો અને પળવારમાં જ ચોતરફ તારાહી અને તબાહીના દ્રશ્યો સર્જાયા હતા. આ પ્રચંડ બોંબ ધડાકામાં ઓછામાં ઓછા ૪૦થી વધુ લોકોના મોત નીપજયા હતા. સ્થાનિક પોલીસ અને સુરક્ષા એજન્સીઓએ તાત્કાલિક પરિસ્થિતિ સંભાળવાનો પ્રયાસ કર્યો પરંતુ સૌથી વધુ કપરી કામગીરી ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર ઉપલબ્ધ બનાવવાની છે.

વિશ્વભરમાં ઘેરા પ્રત્યાઘાતો સર્જનાર આ પ્રચંડ બોંબ વિસ્ફોટની જવાબદારી તાલિબાને લીધી છે. હજુ ગયા સપ્તાહે જ તાલિબાને કાબુલની હોટલ ઈન્ટરકોન્ટીનેન્ટલ નજીક આંતકવાદી હુમલો કર્યો હતો, જેમાં ૨૦થી વધુ નિર્દોષ લોકોના મોત નીપજયા હતા. તે પછીનો આ સૌથી મોટો આંતકવાદી હુમલો છે કે જેમાં ૪૦થી વધુ લોકો અકાળે મોતને ભેટયા હતા.

● અનુસંધાન પાન-૭ પર